**ઍન્ગલવૂડ હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ સેન્ટર**
**આર્થિક સહાયતા નીતિ**

**સરળ ભાષામાં સાર**

અમારી આર્થિક સહાયતા નીતિ (જુઓ નીચે સંદર્ભ) અનુસાર, બધા વીમારહિત દર્દીઓ કે જેમને મૅડિકેઈડ અથવા ચૅરિટિ કેઅર માટે મંજૂરી મળી ન હોય તેઓ EHMC ખાતે આર્થિક સહાયતા મેળવે છે. આ દર્દીઓને "રાહત દરે" તેમને લાગતા વાસ્તવિક ચાર્જની અમુક ટકાવારીનું બિલ આપવામાં આવે છે જેનાથી દર્દીએ ચૂકવવા પડતા બિલની રકમમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. કટોકટીની અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ માટે વીમારહિત દર્દી પાસેથી રાહત દર કરતા વધુ ચાર્જ લેવામાં આવશે નહીં.

વીમારહિત વ્યક્તિએ સહાયતા માટે અરજી કરવાની જરૂર નથી, કારણ કે બધા વીમારહિત દર્દીઓ આપોઆપ લાયક થશે અને ઉપર જણાવેલા રાહત દર પર તેમને બિલ આપવામાં આવશે. દર્દી પાસે વીમો ન હોય અને પૂરી પાડવામાં આવતી સેવા તાકીદની અથવા તબીબી રીતે જરૂરી હોવા સિવાય લાયકાત માટેના અન્ય કોઈ માપદંડો નથી.

નીચેની નીતિઓ ઍન્ગલવૂડ હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ સેન્ટરની વેબસાઈટ www.englewoodhealth.org પર મળી શકે છે

આર્થિક સહાયતા નીતિ
ન્યૂ જર્સી હૉસ્પિટલ કેઅર પેમેન્ટ આસિસ્ટન્સ પ્રોગ્રામ (ચૅરિટી કેઅર)
બિલિંગ અને વસૂલીની નીતિ

ઉપરોક્ત નીતિઓની નકલો નોંધણીના વિસ્તારોમાં પણ મળી શકે છે અને EHMCના Financial Counseling Department ખાતે 350 Engle St. Englewood, NJ 07631 સરનામે પણ ઉપલબ્ધ છે

ઉપર ઉલ્લેખિત નીતિઓમાંથી કોઈપણની મફત નકલ પણ ટપાલથી મેળવી શકાય છે. નકલ મેળવવા માટે કૃપા કરીને (201) 894-3031 પર કૉલ કરો. પ્રતિનિધિઓ સોમવારથી શુક્રવાર સવારે 9થી સાંજે 5 વાગ્યા દરમિયાન (201) 894-3031 પર આર્થિક સહાયતા નીતિ સાથે સંબંધિત પ્રશ્નોના જવાબો આપવા માટે ઉપલબ્ધ છે.

ઉપરોક્ત નીતિઓ નીચેની ભાષાઓમાં ઉપલબ્ધ છે:

અંગ્રેજી
સ્પૅનિશ
કોરિઅન
ચાઈનીઝ
રશિયન
જાપાનીઝ
ઈટાલિઅન
ટેગાલોગ
અરેબિક
ગુજરાતી

ગ્રીક
પોર્ટુગીઝ/પોર્ટુગીઝ ક્રેઓલ
સર્બિયો-ક્રોએશિયન
આર્મેનિયન

| ઍંગલવૂડ હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ સેન્ટર | | નં.: 400.35 |
|---|---|---|
| નીતિ અને કાર્યપ્રણાલીની પરિચય પુસ્તિકા - વિભાગ<br><br>વહીવટી અને સહાયક સેવાઓ | વિષય:<br><br>નાણાકીય સહાય નીતિ | તારીખ: 1/1/2016<br><br>પાનું 1 કુલ 2<br><br>નું સ્થાન લીધું: નવું<br><br>સમિક્ષા કરી: |

## નીતિ

ઍંગલવૂડ હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ સેન્ટર (ઈએચએમસી) બધા દર્દીઓને, પૈસા ચૂકવવાની તેમની ક્ષમતાને ધ્યાનમાં લીધા વગર તમામ તાત્કાલિક અને તબીબી રીતે જરૂરી સારવાર આપે છે. N.J.S.A. §26:2H-12.52માં "કેટલાક વીમા કવચ વિનાના દર્દીઓ માટે ખર્ચ પર મર્યાદા" અંગે દર્શાવેલ બિલિંગ માર્ગદર્શિકાઓનો સ્વીકાર અને તેનું વિસ્તરણ ઈએચએમસીએ કરેલ છે અને તે વીમા કવચ વિનાના તમામ દર્દીઓને, તેમની આવક ધ્યાનમાં લીધા વગર, નાણાકીય સહાય કરે છે. આ નીતિ માત્ર ઍંગલવૂડ હૉસ્પિટલ અને મેડિકલ સેન્ટર દ્વારા આપવામાં આવતી તમામ તબીબી રીતે જરૂરી સારવાર અને તાત્કાલિક તબીબી સેવાઓને લાગુ થાય છે અને એ સારવાર સાથે સંકળાયેલી કોઈ પણ વ્યાવસાયિક સેવાઓને લાગુ થતી નથી.

## કાર્યપ્રણાલી

1) મેડિકેડ ચૅરિટી કેર (જુઓ ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ પ્રોગ્રામ / ચૅરિટી કેર પોલિસી) માટે મંજૂર ના થયા હોય એવા તમામ વીમા કવચ વિનાના દર્દીઓનું બિલ તેમના કુલ ચાર્જિસના કેટલાક ટકા કિંમતનું બનાવવામાં આવે છે. રાજ્ય કાયદાની જરૂરિયાત મુજબ, આ ઘટાડો ઈએચએમસીના મેડિકેર દરોના 11% જેટલો હોય છે. ઈએચએમસી બિલની રકમ નિર્ધારિત કરવા માટે લુક બૅક પદ્ધતિનો ઉપયોગ કરે છે. જેમાં તમામ મેડિકેર ચુકવણીના સરવાળાને પાછલા 12 મહિનાના સમયગાળામાં મેડિકેર કુલ ખર્ચના સરવાળા દ્વારા વિભાજિત કરવામાં આવે છે. એમાં અપવાદ એવી બાબતોનો છે, જ્યારે કોસ્મેટિક સર્જરી જેવી કેટલીક પ્રક્રિયાઓ તબીબી રીતે આવશ્યક હોતી નથી અને તેનો ખર્ચ દર્દી દ્વારા ભોગવવાનું પહેલાથી નક્કી કરેલ હોય છે.

2) ઈએચએમસી, આયઆરએસ કલમ 501(r) નિયમો મુજબ ઉપર #1 માં વ્યાખ્યાયિત કરેલ અને ગણી કાઢેલ ટકાવારીની સરખામણી 501(r)માં વર્ણિત 'લુક બૅક' પદ્ધતિ સાથે કરશે. તેમાં તમામ દર્દીઓના ડેટાનો ઉપયોગ કરાશે અને બેમાંથી જે વધારે હોય તેટલા ટકા વળતર દર્દી માટે રાખવામા આવશે. 501(r) અનુસાર, વીમા કવચ રહિત સેવાઓ પર લાગુ થનાર વળતરની ટકાવારી નક્કી કરવા માટે દરેક સેવા માટે અલગ અલગ ગણતરી કરવામાં નથી આવતી પણ એકંદર ગણતરી કરવામાં આવે છે. આ ગણતરી વાર્ષિક ધોરણે કરવામાં આવે છે અને કૅલેંડર વર્ષની સમાપ્તિ બાદ વધારેમાં વધારે 60 દિવસની અંદર પૂર્ણ કરવામાં આવે છે.

3) વીમા કવચ વિનાના દર્દીઓએ નાણાકીય સહાય માટે અરજી કરવાની જરૂર નથી કારણ કે એવા તમામ દર્દીઓના બિલ, ઉપર #1 માં જણાવ્યા મુજબ, કુલ બિલના કેટલાક ટકા સુધી આપમેળે ઘટાડવામાં આવે છે. તે માટે લાયકાતનો કોઈ માપદંડ નથી. માત્ર, દર્દીનો વીમો હોવો જોઈએ નહીં અને મેળવેલ સેવા અગત્યની અને તબીબી રીતે અનિવાર્ય હોવી જોઈએ.

4) જો દર્દીની વીમા કંપની નીચેના કારણોથી તેની અરજીનો અસ્વીકાર કરે: લાભો ખાતમ થઈ ગયા છે, પ્રયોગાત્મક, તબીબી જરૂરિયાત, પહેલાથી અસ્તિત્વમાં રહેલ સ્થિતિ, આવરી લેવામાં ના આવેલ ચાર્જિસ, વગેરે. તો દર્દીનું બિલ, ઉપર #1 માં જણાવ્યા મુજબ, કુલ બિલના વીમા કવચ વિનાના દરના કેટલાક ટકા સુધી ઘટાડવામાં આવશે.

5) ઈએચએમસી ખાતે ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ પ્રોગ્રામ / ચૅરિટી કેર દ્વારા મદદની અરજી કર્યા બાદની કાર્યપ્રણાલી જાણવા માટે ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ પ્રોગ્રામ / ચૅરિટી કેર નીતિ જુઓ.

6) ઈએચએમસી બિલિંગ અને વસૂલી પ્રક્રિયાઓ માટે બિલિંગ અને વસૂલી નીતિ જુઓ.

7) આ નીતિની નકલ (હાર્ડ કૉપી) નાણાકીય સલાહ વિભાગમાં તેમજ મેડિકલ સેન્ટરના પેશન્ટ ઍક્સેસ ક્ષેત્રમાં અને તમામ ઈએચએમસી ઑફસાઈટ સ્થળોએ પણ ઉપલબ્ધ છે. આ નીતિ એંગલવૂડ હૉસ્પિટલ અને મેડિકલ સેન્ટરની વેબસાઈટ www.englewoodhealth.org પર પણ ઉપલબ્ધ છે.

| | |
|---|---|
| | દ્વારા મંજૂર:<br><br>વૉરેન ગેલર, પ્રમુખ અને સીઈઓ |

## નીતિ

એંગલવૂડ હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ સેન્ટર (ઈએચએમસી) બધા દર્દીઓને, પૈસા ચૂકવવાની તેમની ક્ષમતાને ધ્યાનમાં લીધા વગર તમામ તાત્કાલિક અને તબીબી રીતે જરૂરી સારવાર આપે છે. ઈએચએમસી, ન્યુ જર્સી આરોગ્ય અને માનવ સેવા વિભાગ દ્વારા સુયોજિત ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ પ્રોગ્રામ (ચૅરિટી કેર) માટેના નિયમો પાળે છે.

ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ પ્રોગ્રામ (ચૅરિટી કેર) એ મફત કે ઘટાડેલા દરોમાં મળતી સારવાર છે. જે એવા દર્દીઓને અપાય છે, જે હૉસ્પિટલમાં રહીને અથવા હૉસ્પિટલમાં રહ્યા વગર તાત્કાલિક અને તબીબી રીતે આવશ્યક સારવાર મેળવે છે. આ કાર્યક્રમમાં માત્ર હૉસ્પિટલ ચાર્જિસ સામેલ છે અને કોઈ પણ વ્યાવસાયિક સેવાઓ માટેના કોઈ પણ ખર્ચ માટે તે લાગુ નથી.

## કાર્યપ્રણાલી

1) ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ પ્રોગ્રામ (ચૅરિટી કેર) ન્યુ જર્સીના રહેવાસીઓ માટે ઉપલબ્ધ છે, જેઓ:
   a) સ્વાસ્થ્ય કવરેજ ના હોય અથવા તો એવું કવરેજ હોય જે માત્ર બિલની આંશિક ચુકવણી કરતું હોય; <u>અને</u>
   b) જેઓ અન્ય ખાનગી કે સરકારી પ્રયોજિત કવરેજ (જેવા કે મેડિકેડ) માટે અપાત્ર છે; <u>અને</u>
   c) આવક અને સંપત્તિના <u>બંને</u> પાત્રતાના માપદંડોનું પાલન કરતાં હોય.

2) ન્યુ જર્સીમાં ના રહેનાર રહેવાસીઓ માટે પણ ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ પ્રોગ્રામ (ચૅરિટી કેર) ઉપલબ્ધ છે, જે માટે ચોકકસ જોગવાઇઓ છે.

3) ન્યુ જર્સી આરોગ્ય અને માનવ સેવા વિભાગ દ્વારા વ્યાખ્યાયિત આવકનો માપદંડ નીચે મુજબ છે:

| આવક, એચએચએસ ગરીબી આવક માર્ગદર્શિકાના ટકા તરીકે | દર્દી દ્વારા ચૂકવાયેલ ખર્ચની ટકાવારી |
|---|---|
| 200% જેટલી કે તેથી ઓછી. | 0% |
| 200% થી વધુ પણ 225% જેટલી તેથી ઓછી. | 20% |
| 225% થી વધુ પણ 250% જેટલી તેથી ઓછી. | 40% |
| 250% થી વધુ પણ 275% જેટલી તેથી ઓછી. | 60% |
| 275% થી વધુ પણ 300% જેટલી તેથી ઓછી. | 80% |
| 300% થી વધુ | 100% |

4) જો 20% થી 80% ના સ્લાઇડિંગ ફી સ્કેલ પર જો દર્દીઓ તેમણે પોતાના ખિસ્સામાંથી ચૂકવેલા એવા માન્ય તબીબી ખર્ચાઓ માટે જવાબદાર હોય, જે તેમના કુલ વાર્ષિક વેતનના 30%થી વધુ હોય, (બીજા લોકો દ્વારા વણચૂકવાયેલ બિલો) તો 30% થી વધુ હોય તે રકમ, હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ (ચૅરિટી કેર) ગણાશે.

5) ન્યુ જર્સી આરોગ્ય અને માનવ સેવા વિભાગ દ્વારા વ્યાખ્યાયિત સંપત્તિનો માપદંડ નીચે મુજબ છે:

ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ પ્રોગ્રામ (ચૅરિટી કેર) માટે વ્યક્તિગત અને પરિવારિક સંપત્તિ, ન્યુ જર્સી આરોગ્ય અને માનવ સેવા રાજ્ય વિભાગ દ્વારા નક્કી કરેલ સીમા જેટલી કે તેથી ઓછી હોવી જરૂરી છે. જો દર્દીની સંપત્તિ સીમાથી વધુ હશે, તો તે દર્દી વધારાની સંપત્તિ હૉસ્પિટલ બિલો અને અન્ય માન્ય તબીબી ખર્ચાઓ પર વાપરીને માન્ય સીમા સુધી લઈ આવી શકે છે.

6) અરજી પ્રક્રિયા

દર્દીઓ (201) 894-3031 પર નાણાકીય સલાહ વિભાગમાં ફોન કરીને ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ (ચૅરિટી કેર) માટે અરજી કરી શકે છે. જે ટપાલ દ્વારા મોકલવાની હોય છે. તેઓ નાણાકીય સલાહ વિભાગમાં જાતે આવીને પણ અરજી કરી શકે છે. દર્દીઓને આવક અને સંપત્તિના પુરવાઓ આપવા કહેવામા આવશે. જેમાં પગાર પાવતીઓ, બૅન્ક સ્ટેટમેન્ટ, ટૅક્સ રિટર્ન, વગેરે નો સમાવેશ હશે.
સેવા લીધાની તારીખ પછી ન્યુ જર્સી હોસ્પિટલ કેર પેમેન્ટ માટે અરજી કરવા માટે દર્દીઓ પાસે એક વર્ષ સુધીનો સમય હોય છે.
સહાય (ચૅરિટી કેર). દર્દીઓને ચૅરિટી કેર નિર્ણય / તેમની અરજીઓનું પરિણામ દર્શાવતુ કાર્ડ આપવામાં આવે છે.

7) ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ (ચૅરિટી કેર) માટે અરજી કરનાર દર્દીઓની હૉસ્પિટલ બિલો ચૂકવી શકે તેવા તૃતીય પક્ષ વીમા લાભો કે તબીબી સહાય કાર્યક્રમો (જેવા કે મેડિકેડ) માટે પાત્ર થવાની સંભાવના ચકાસવામાં આવશે. જ્યાં સુધી દર્દી અન્ય કોઈ પણ તબીબી સહાય કાર્યક્રમ માટે અપાત્ર હોવાનું નક્કી થતું નથી, ત્યાં સુધી તે ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ (ચૅરિટી કેર) માટે પાત્ર ગણાશે નહીં.

8) ઈએચએમસી નો બર્ગન કાઉન્ટી બોર્ડ ઓફ સોશિયલ સર્વિસિસનો એક કર્મચારી તબીબી કેન્દ્ર પર, દર અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણ દિવસ હોય છે, જે મેડિકેડ માટે લાયક દર્દીઓને મેડિકેડ અરજીઓમાં મદદ કરે છે.

9) ઈએચએમસી નાણાકીય સહાય માર્ગદર્શિકાઓ માટે નાણાકીય સહાય નીતિ જુઓ.

10) ઈએચએમસી બિલિંગ અને વસૂલી પ્રક્રિયાઓ માટે બિલિંગ અને વસૂલી નીતિ જુઓ.

11) આ નીતિની નકલ (હાર્ડ કૉપી) નાણાકીય સલાહ વિભાગમાં તેમજ મેડિકલ સેન્ટરના પેશન્ટ ઍક્સેસ ક્ષેત્રમાં અને તમામ ઈએચએમસી ઑફસાઈટ સ્થળોએ પણ ઉપલબ્ધ છે. આ નીતિ ઍંગલવૂડ હૉસ્પિટલ અને મેડિકલ સેન્ટરની વેબસાઈટ www.englewoodhealth.org પર પણ ઉપલબ્ધ છે.

| | |
|---|---|
| | દ્વારા મંજૂર:<br><br>વૉરેન ગેલર, પ્રમુખ અને સીઈઓ |

| ઍંગલવૂડ હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ સેન્ટર | | નં.: 400.36 |
|---|---|---|
| નીતિ અને કાર્યપ્રણાલીની પરિચય પુસ્તિકા - વિભાગ<br><br>વહીવટી અને સહાયક સેવાઓ | વિષય:<br><br>બિલિંગ અને વસૂલી નીતિ | તારીખ: 1/1/2016<br>પાનું 1 કુલ 2<br>નું સ્થાન લીધું: નવું<br>સમિક્ષા કરી: |

## નીતિ

ઍંગલવૂડ હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ સેન્ટર (ઈએચએમસી) બધા દર્દીઓને, પૈસા ચૂકવવાની તેમની ક્ષમતાને ધ્યાનમાં લીધા વગર તમામ તાત્કાલિક અને તબીબી રીતે જરૂરી સારવાર આપે છે. આ નીતિ માત્ર ઍંગલવૂડ હૉસ્પિટલ અને મેડિકલ સેન્ટરની તમામ બિલિંગ અને વસૂલી કાર્યવાહી માટે લાગુ થાય છે અને વ્યાવસાયિક સેવાઓ માટેની બિલિંગ અને વસૂલી કાર્યવાહી માટે લાગુ થતી નથી.

## કાર્યપ્રણાલી

1) તમામ વિમાકૃત દર્દીઓના બિલો ઈએચએમસી દ્વારા સીધા દર્દીની વીમા કંપનીને મોકલવામાં આવશે. જો વીમા કંપની નીચેના કારણોસર અરજી નામંજૂર કરે તો: લાભો ખાતમ થઈ ગયા છે, પ્રયોગાત્મક, તબીબી જરૂરિયાત, પહેલાથી અસ્તિત્વમાં રહેલ સ્થિતિ, આવરી લેવામાં ના આવેલ ચાર્જિસ, વગેરે. તો દર્દીનું બિલ, નાણાકીય સહાય નીતિમાં દર્શાવ્યા મુજબ ઉપર #1 અનુસાર, કુલ બિલના વીમા કવચ વિનાના દરના કેટલાક ટકા સુધી ઘટાડવામાં આવશે.

2) જો દર્દીની વીમા કંપની દ્વારા દાવાની ચુકવણી કરવામાં આવે અને જો દર્દી પાસેથી કોઈ કપાતપાત્ર, સહ-પગાર અથવા સહ-વીમા રકમ નીકળતી હોય, તો ઈએચએમસી, વીમા કંપની દ્વારા દર્દીની જવાબદારી તરીકે ઓળખાવેલ રકમનું બિલ બનાવશે.

3) વીમા કવચ વિનાના દર્દીઓનું બિલ નાણાકીય સહાય નીતિમાં દર્શાવ્યા મુજબ કુલ બિલના કેટલાક ટકા સુધી ઘટાડવામાં આવે છે.

4) દર્દીઓને તેઓ જેના માટે જવાબદાર છે, તે રકમ માટે ઈએચએમસી તરફથી બિલિંગ સ્ટેટમેન્ટ અને વસૂલીના પત્રો મળશે. બિલિંગ સ્ટેટમેન્ટ અને વસૂલી પત્રોમાં નાણાકીય સહાય ઉપલબ્ધતાઅંગેની માહિતી સામેલ હોય છે.

5) નાણાકીય સલાહ વિભાગના કર્મચારીઓ, દર્દીની જવાબદારી હોય એવી $5,000 કે તેથી વધુ વણચૂકવેલ રકમ માટે ફોન પરથી દર્દીનો સંપર્ક કરવાનો પ્રયાસ કરશે. દર્દી સાથે વાત કરતી વખતે તેઓ નાણાકીય સહાયની ઉપલબ્ધતા અંગે જણાવશે. તમામ કૉલ્સ નાણાકીય પ્રણાલીની અંદર દસ્તાવેજીકૃત કરવામાં આવશે.

6) નાણાકીય સહાયની સાથે દર્દીઓને ચૂકવણીના પ્લાન આપવામાં આવશે. બાકીની રકમ માટે દર્દીઓ માસિક ચુકવણી કરી શકે છે. એક વર્ષના સમયગાળાના ચુકવણી પ્લાન મંજૂર કરવામાં આવશે. એક વર્ષથી ઉપરનો ચુકવણી પ્લાન નાણાકીય સલાહ વ્યવસ્થાપક દ્વારા મંજૂર કરાયેલ હોવો જરૂરી છે.

7) ઈએચએમસી ના વસૂલીના પ્રયાસો નિષ્ફળ નીવડ્યા બાદ, દર્દીઓ દ્વારા વણચૂકવાયેલ રકમ બાહ્ય વસૂલી એજન્સીઓને જણાવવામાં આવશે. વસૂલી એજન્સીઓ દર્દી પાસેથી ચુકવણી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરશે. જો પૂરી ચુકવણી ના પ્રાપ્ત

થાય, તો વસૂલી એજન્સીઓ ટપાલ દ્વારા દર્દીને સૂચના આપશે કે તેઓ આયઆરએસ કલમ 501(r)માં જણાવ્યા મુજબ અસાધારણ વસૂલી કાર્યવાહી શરૂ કરી શકે છે, જેમાં ચુકાદાઓ દાખલ કરવા જેમાં વેતનમાંથી કપાત, બૅન્ક અકાઉંટ જપ્ત કરવા અને ન્યુ જર્સી રાજ્યમાં હોય તે માલિકીની સંપત્તિ પર બોજો મૂકવાનું સામેલ હશે. ઈસીએ શરૂ કરવાના ઓછામાં ઓછા 30 દિવસ પહેલા, વસૂલી એજન્સીઓએ દર્દીને લેખિત જાણ કરવી અનિવાર્ય છે. ઈએચએમસી દ્વારા ડિસ્ચાર્જ પછી મોકલાયેલ પહેલા બિલિંગ સ્ટેટમેન્ટ બાદ ઓછામાં ઓછા 120 દિવસ સુધી વસૂલી એજન્સીઓ ઈસીએ શરૂ કરશે નહીં.

8) બાહ્ય વસૂલી એજન્સીઓના બધા સંદર્ભો નાણાકીય સલાહ વ્યવસ્થાપક દ્વારા મંજૂર કરવામાં આવે છે.

9) ઈએચએમસી નાણાકીય સહાય માર્ગદર્શિકાઓ માટે નાણાકીય સહાય નીતિ જુઓ.

10) ઈએચએમસી ખાતે ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ પ્રોગ્રામ / ચૅરિટી કેર દ્વારા મદદની અરજી કર્યા બાદની કાર્યપ્રણાલી જાણવા માટે ન્યુ જર્સી હૉસ્પિટલ કેર પેમેન્ટ અસિસ્ટન્સ પ્રોગ્રામ / ચૅરિટી કેર નીતિ જુઓ.

11) અરજી કરીને, નાણાકીય સલાહ વિભાગમાંથી આ નીતિ મેળવી શકાશે. આ નીતિ એંગલવૂડ હૉસ્પિટલ અને મેડિકલ સેન્ટરની વેબસાઈટ www.englewoodhealth.org પર પણ ઉપલબ્ધ છે.

| | દ્વારા મંજૂર:<br><br>વૉરેન ગેલર, પ્રમુખ અને સીઈઓ |
|---|---|